દાખલ તારીખ: ૨૪ ૦૨ ૨૦૨૬
રજી. તારીખ : ૨૪ ૦૨ ૨૦૨૬
ફેસંલ તારીખ : ૦૬ ૦૩ ૨૦૨૬
સમયગાળો :વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૦

**સુરેન્દ્રનગરના મહે.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.સુરેન્દ્રનગર.**

**ફો.પ.અ.નં. ૨૧૨/૨૦૨૬**

**આંક :-૦૭**

માણકુભાઇ દાદભાઇ ધાંધલ
ઉ.વ.આ.પર,ધંધો-ડ્રાઇવીંગ
રહે.ખીજડીયા કોટડા,તા.બાબરા,
જિ.અમરેલી ............અરજદાર

**વિરુદધ**

શ્રી સરકાર .............સામાવાળા

---

વિ.વકિલશ્રી ડી.એન.સદાદીયા.........................અરજદાર તરફે
વિ.ડી.જી.પી.શ્રી એમ.પી.સભાણી..............સામાવાળા શ્રી સરકાર તરફે

---

**બાબત:-**ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

**:::::: ચુ કા દો ::::::**

(૧) આ કામના અરજદાર/આરોપી ચોટીલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૦૯૨૫૦૯૧૫/૨૦૨૫, ભારતીય ન્યાય સહિંતાની કલમ ૧૦૯(૧), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨, ૨૪૯(બી) તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)(એ),૨૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુના સબબ જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકાર તરફે વિ.પી.પી.શ્રી એમ.પી.સભાણી હાજર થયેલ છે અને તેઓએ આંક–૬ થી તપાસ કરનાર અમલદાર પી.એસ.આઇ.શ્રી બી.એન. દિવાનનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન. સદાદીયાનાઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/ આરોપીની આ પ્રથમ જામીન અરજી છે. અરજદાર/આરોપી નિર્દોષ છે. હાલના અરજદારને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીને મુખ્ય આરોપીને મદદગારીના અનુસંધાને ગુના કામે અટક કરવામા આવેલ છે. વધુમાં ફરીયાદ હકીકત ધ્યાને લેતા તેમા હાલના અરજદારનુ નામ નથી. બનાવમા અરજદારે કોઇ સક્રિય ભાગ ભજવેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર મજુરવર્ગના માણસ છે અને કુટુંબ કબીલાવાળા

માણસ છે. ઘરની સંપુર્ણ જવાબદારી અરજદારના શીરે રહેલ છે. વધુમાં આ જ ગુનાના અન્ય આરોપી ભાભલુભાઇ વાસ્કુરભાઇ ખાચર જેને સેશન્સ કોર્ટ દ્વારા ફો.પ.અ.નં. ૩૮/૨૦૨૬ ના કામે તેમજ આરોપી મુબીન ઉર્ફે મુબલો યુનીસભાઇ હમીરકાને ફો.પ.અ.નં. ૯૪/૨૬ ના કામે તેમજ આરોપી ફૈઝલ ઉર્ફે લાલ રશીદભાઇ કલાડીયાને ફો.પ.અ.નં. ૯૫/૨૬ થી જામીન મુકત કરવામા આવેલ છે.જેથી હાલના અરજદારનો રોલ ધ્યાને લેતા પેરીટીનો લાભ આપવો જોઇએ.અરજદાર નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.તે તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) સામાપક્ષે વિ.પી.પી.શ્રી એમ.પી.સભાણીનાઓએ ઉપરોકત રજુઆત સામે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામનો બનાવ તા. ૨૦–૧૧–૨૦૨૫ ના રોજ બનેલ છે અને આ કામના ફરીયાદીના ભત્રીજા સાહેદ ઇશ્વરભાઇ રાઠોડના મકાનની દિવાલ સાથે નિમભાઇ કનુભાઇએ ફોરવ્હીલ ગાડી ભટકાડેલ હોય તે બાબતે ફરીયાદી તથા સાહેદે ગાડી જોઇને ચલાવવાનુ કહેતા આરોપી અજયભાઇ જશ્કુભાઇએ ફરીયાદી અને સાહેદ સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલ તે બાબતનુ મનદુ:ખ રાખી આરોપી અજય ભાઇએ ફરીયાદીને અવારનવાર ફોન કરી ગાળો આપી ઝઘડો કરી મારી નાખવાની ધમકી આપેલ તેમજ ફરીયાદીના દિકરા સાહેદ અશ્વીનભાઇ ભીખાભાઇને ચોટીલા ખાતે રુબરુ માર મારવાની ધમકી આપેલ તેમજ ફોન કરી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી અને સાહેદ પરેશભાઇ મહેન્દ્રભાઇ ફરીયાદીના રહેણાંક મકાનના ડેલા પાસે હતા તે વખતે આરોપી

અજયભાઈ જશ્કુભાઈ નંબર વગરની કાળા જેવા કલરની સ્વીફ્ટ ગાડીમા ફરીયાદીના ઘર પાસે આવી સાહેદ પરેશભાઈ મહેન્દ્રભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે ફાયરીંગ કરવા જતા સાહેદ પરેશભાઈ ડેલાની અંદર જતા રહેતા ડેલા ઉપર ફાયરીંગ કરી નાશી ગયેલ હતા અને ત્યારબાદ અન્ય આરોપીઓએ મુખ્ય આરોપીને આશરો આપેલ હતો. વધુમાં હાલના અરજદાર નો રોલ જોવામા આવે તો અરજદાર/આરોપીનુ નામ તપાસ દરમ્યાન ખુલવા પામેલ છે અને આ કામના અરજદાર/આરોપીએ મુખ્ય આરોપી અજયભાઈ જશ્કુભાઈ ધાધંલને આશ્રય આપી ભગાડવામા મદદગારી કરેલ છે. વધુમાં હાલના અરજદાર તે મુખ્ય આરોપી અજયભાઈના માસા થાય છે અને અગાઉ જે ત્રણ આરોપીઓને નામ.કોર્ટ દ્વારા જામીન મુકત કરવામા આવેલ છે તે મુખ્ય આરોપીના કોઈ સગા થતા ન હતા, જયારે હાલના અરજદાર મુખ્ય આરોપીના સગા થાય છે જેથી અરજદારને પેરીટીનો લાભ આપી શકાય તેમ નથી. વધુમાં તપાસ ચાલુ છે તે તમામ સંજોગો ધ્યાને લઈ અરજદારની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષોના વિ.વકીલશ્રીની દલીલો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના ફરીયાદીના ભત્રીજા સાહેદ ઈશ્વરભાઈ રાઠોડના મકાનની દિવાલ સાથે નિમભાઈ કનુભાઈએ ફોરવ્હીલ ગાડી ભટકાડેલ હોય તે બાબતે ફરીયાદી તથા સાહેદે ગાડી જોઈને ચલાવવાનુ કહેતા આરોપી અજયભાઈ જશ્કુભાઈએ ફરીયાદી અને સાહેદ સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલ તે બાબતનુ મનદુ:ખ રાખી આરોપી અજયભાઈએ ફરીયાદીને અવારનવાર ફોન કરી ગાળો આપી

ઝઘડો કરી મારી નાખવાની ધમકી આપેલ તેમજ ફરીયાદીના દિકરા સાહેદ અશ્વીનભાઇ ભીખાભાઇને ચોટીલા ખાતે રુબરુ માર મારવાની ધમકી આપેલ તેમજ ફોન કરી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી અને સાહેદ પરેશભાઇ મહેન્દ્રભાઇ ફરીયાદીના રહેણાંક મકાનના ડેલા પાસે હતા તે વખતે આરોપી અજયભાઇ જશ્કુભાઇ નંબર વગરની કાળા જેવા કલરની સ્વીફટ ગાડીમા ફરીયાદીના ઘર પાસે આવી સાહેદ પરેશભાઇ મહેન્દ્રભાઇને જાનથી મારી નાખવાના ઇરાદે ફાયરીંગ કરવા જતા સાહેદ પરેશભાઇ ડેલાની અંદર જતા રહેતા ડેલા ઉપર ફાયરીંગ કરી નાશી ગયેલ હતા અને ત્યારબાદ મુખ્ય આરોપી ભાગતા ફરતા હોય તે દરમ્યાન આરોપીઓ માણકુભાઇ પીઠુભાઇ ધાધલ તથા ઉદયભાઇ ઉર્ફે ઉદો કનુભાઇ ધાધલ તથા કનુભાઇ પીઠુભાઇ ધાધલ તથા ભાભલુભાઇ વાસ્કુરભાઇ ખાચર, રહે.ઢોકળવાનાઓએ આશરો આપી મુખ્ય આરોપીને ભગાડવામા મદદગારી કરેલ છે.

આ કામે જોવામા આવે તો હાલના અરજદાર/આરોપીનુ ફરીયાદમા નામ નથી, પરંતુ તપાસ દરમ્યાન ખુલવા પામેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા હાલના અરજદાર/આરોપી મુખ્ય આરોપી અજયભાઇના માસા થાય છે.હાલના અરજદારનો રોલ જોવામા આવે તો આ કામના અરજદાર/આરોપીએ મુખ્ય આરોપીને આશ્રય આપી ભગાડવામાં મદદગારી કરેલ છે. આ કામે હાલના અરજદાર દ્વારા સાહેદ પરેશભાઇ ઉપર કોઇ ફાયરીંગ કરવામા આવેલ નથી. વધુમાં અરજદાર તરફે આ જ ગુનાના અન્ય આરોપી ભાભલુભાઇ વાસ્કુરભાઇ ખાચર જેને સેશન્સ કોર્ટ દ્વારા ફો.પ.અ.નં. ૩૮/૨૦૨૬ ના કામે જામીન મુકત કરવામા આવેલ છે અને તે આરોપીનો રોલ પણ મુખ્ય આરોપીને આશ્રય આપવાનો હતો.તેથી

હાલના અરજદારને પેરીટીના ધોરણે જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. આ કામે ત.ક.અમલદારનુ સોગંદનામુ જોવામા આવે તો હાલના અરજદાર/ આરોપીએ પણ મુખ્ય આરોપીને આશ્રય આપેલ છે તે સિવાય ફાયરીંગ કે ઈજા કર્યાના કોઈ આક્ષેપો નથી. વધુમાં ફરીયાદી-સાહેદોને આરોપી અજયભાઇ સાથે ઝઘડો થયેલ હતો. તેવા સંજોગોમા અરજદારને પેરીટીનો લાભ આપવો યોગ્ય જણાય છે. વધુમાં આ જ ગુનાના કામે અન્ય આરોપી આરોપી મુબીન ઉર્ફે મુબલો યુનીસભાઈ હમીરકાને ફો.પ.અ.નં. ૯૪/૨૬ થી, તેમજ આરોપી ફૈઝલ ઉર્ફે લાલ રશીદભાઈ કલાડીયાને ફો.પ.અ.નં. ૯૫/૨૬ થી જામીન મુકત કરવામા આવેલ છે.વધુમાં જોવામા આવે તો અરજદાર અરજીમા જણાવેલ સરનામે કાયમી રહીશ છે કયાંય નાસી ભાગી જાય તેમ નથી તે તમામ હકીકતો તેમજ હાલના અરજદારનો ગુનામા રહેલ રોલ ધ્યાને લેતા તેમજ પેરીટીના સિંધ્ધાતોને ધ્યાને લેતા અરજદાર/આરોપીને કડક શરતોને આધિન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

<u>**::: હુ ક મ :::**</u>

**૧.** અરજદાર/આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી માણકુભાઈ દાદભાઈ ધાંધલ, રહે. ખીજડીયા કોટડા, તા.બાબરા, જિ.સુરેન્દ્રનગરનાઓને ચોટીલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૦૯૨૫૦૯૧૫/૨૦૨૫, ભારતીય ન્યાય સહિંતાની કલમ ૧૦૯(૧), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨, ૨૪૯(બી) તથા આર્મ્સ એકટની

કલમ ૨૫(૧-બી)(એ),૨૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે આરોપીએ રૂા.૨૫,૦૦૦/-(પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધિન તેઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો:</u>**-

૧. અરજદાર/આરોપીએ બે મહીના સુધી દર મહીનાના પહેલા સોમવારે સબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦:૦૦ થી ૧:૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

૨. અરજદાર/આરોપીએ બે મહીના સુધી ચોટીલા તાલુકાની રેવન્યુ હદમાં કોર્ટમા હાજર રહેવા તેમજ પોલીસ સ્ટેશનમા હાજરી પુરાવવા સિવાય પ્રવેશ કરવો નહી.

૩. અરજદાર/આરોપીએ પોતે જયાં રહેવાના હોય તે જગ્યાનુ સરનામુ રજુ કરવુ.

૪. અરજદાર/આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૫. અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ જે અદાલતમાં ચાલે તે અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવું.

૬. અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે કોઇ ચેડાં કરવા નહી કે ફરીયાદપક્ષના સાહેદોને લોભ-લાલચ, ધાક ધમકી કે અન્ય કોઈપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહી.

૭. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઇલ નંબર સહીત રજુ કરવું અને તેમાં કોર્ટની પરવાનગી સિવાય કોઇ ફેરફાર કરવો નહી.

૮. અરજદાર/આરોપીએ પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબની પુરસીસ રજુ કરવી.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો અરજદાર/આરોપીના જામીન રદ થવાને પાત્ર ગણાશે.

**૪.** અરજદાર/આરોપીએ જામીન તથા જાત મુચરકા સબંધિત અદાલત સમક્ષ રજુ કરવા.

**૫.** આ હુકમની જાણ સબંધિત અદાલત અને પોલીસ સ્ટેશનને અલગ યાદીથી કરવી.

આજરોજ તા.૬ ઠી માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરેન્દ્રનગર**
**તા.૦૬/૦૩/૨૦૨૬**

**(કૈલાશનાથ રાધેશ્યામ ઉપાધ્યાય)**
**સેશન્સ જજ,સુરેન્દ્રનગર**
**(Unique ID Code : GJ 00333)**

*S.N.M.*